કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

Affordable Education For All

પ્રતિભા

અંક નં. ૮૦
વર્ષ ૨૦૨૫-૨૬

સ્થાપના વર્ષ - ૧૯૪૦

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

નિત્યા – કપડવંજની પિચ પરથી ક્રિકેટ જગતમાં દમદાર એન્ટ્રી

નિત્યાના બાળપણના સપનાઓમાં એક સપનું સ્પષ્ટ હતું – ભારત માટે ક્રિકેટ રમવાનું. માત્ર ઇચ્છા જ નહીં, પણ તેની સાથે દ્રઢ નિશ્ચય અને અદમ્ય મહેનત સાથે તે એક નવી ઉંચાઈએ પહોંચી રહી છે.નિત્યાનો જન્મ યજ્ઞેશભાઈ બ્રહ્મક્ષત્રિય અને પૂર્વીબેનના ઘરે થયો. પિતા કાપડના વેપારી છે, તેઓ નિત્યાના મુખ્ય પ્રેરણાસ્ત્રોત રહ્યા છે. નિત્યાએ 11 વર્ષની ઉંમરે ક્રિકેટ રમવાનું શરૂ કર્યું. પિતાની પ્રેરણાથી નિત્યાએ કપડવંજ કેળવણી મંડળ સંચાલિત મુખ્યાજી ક્રિકેટ એકેડેમીમાં નિશુલ્ક કોચિંગ મેળવ્યું અને ક્રિકેટના વિશ્વમાં પગ મુક્યો.



પિતા ધંધાને સાઈડમાં મુકી, નિત્યાને ક્રિકેટ પ્રેક્ટિસ માટે અલગ અલગ શહેરોમાં લઈ જવા સમર્પિત રહ્યા. અમદાવાદ, નડિયાદ, ગોધરા અને દહેગામ જેવા સ્થળોએ નિત્યાએ પોતાનું ઉત્કુષ્ઠ પ્રદર્શન બતાવ્યું, જ્યાં તેના પિતા હંમેશા તેની સાથે રહેતા. માતાનું પણ આ યાત્રામાં અનોખું યોગદાન રહ્યું. કોચ દ્વારા આપવામાં આવતા ડાયટને અનુરૂપ તેની માતા સવાર, બપોર અને સાંજ ભોજન બનાવતા અને સમયસર નિત્યાને જમાડતાં. પિતાને સમય ન મળતો ત્યારે માતા નિત્યાને ગ્રાઉન્ડ પર લઈ જતાં.

મુખ્યાજી ક્રિકેટ એકેડેમી, કપડવંજના કોચ રોહિત પટેલે નિત્યાના આ સપનાને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમના માર્ગદર્શન હેઠળ નિત્યાએ બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગની તકનિકો પર ખુબ મહેનત કરી. સવારે 6 થી 7 વાગ્યા સુધી જીમ અને 9 વાગ્યા સુધી મેદાનમાં પ્રેક્ટીસ, સાંજે પણ 4 થી 6 સેશન, નિત્યાનો નિયમિત રીતે પ્રેક્ટીસનો આ રોજીંદો ક્રમ થઇ ગયો.

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ



નિત્યાને ખેડા ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન તરફથી પણ પ્રેરણા મળી અને તેની મહેનતનું પરિણામ મળ્યું. નવેમ્બર 2024માં માત્ર 13 વર્ષની ઉંમરે ગુજરાતની અંડર-15 ગર્લ્સ ટીમમાંથી તે છત્તીસગઢ અને રાજસ્થાન ખાતે રમવા ગઈ. ક્રિકેટ સિવાય તેને ફૂટબોલ, ટ્રેકિંગ અને ડ્રોઈંગમાં રસ છે. પણ સપનું તો સ્પષ્ટ જ છે – ભારતીય ટીમમાં રમવાનું.

નિત્યા કપડવંજ કેળવણી મંડળ, શ્રીમતી સી.ડી.ગાંધી સ્કૂલ, મુખ્યાજી ક્રિકેટ એકેડેમી, કપડવંજ અને ખેડા ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનનો આભાર માને છે અને તેના જેવી છોકરીઓને કોઈ પણ એક સ્પોર્ટ્સમાં જોડવાની સલાહ આપે છે, જેથી શારીરિક અને માનસિક સ્વસ્થ રહેવાય.

ધોરણ ૮ માં ભણતી નિત્યા કહે છે કે રમતગમત સાથે ભણતરને અસર ન થાય તે માટે શિક્ષકો તરફથી મળેલા માર્ગદર્શન અને પ્રોત્સાહન અત્યંત મહત્વપૂર્ણ રહ્યા છે. સી.ડી. ગાંધી સંસ્થાના શિક્ષકોએ સતત સમર્થન આપ્યું છે, જેના કારણે તે બંને ક્ષેત્રમાં સંતુલન સાધી શકી છે.

એકલી બસમાં નડિયાદ જતા, ઘરે ડ્રીલ કરતા અને ભૂલો સુધારતા, નિત્યા એક મજબૂત ખેલાડી બની રહી છે. ઓલરાઉન્ડર તરીકે સ્પિન બોલિંગમાં નિપુણ થવાના અને દેશ માટે રમવાના તેના સપના સાકાર થાય તેવી અનંત શુભકામનાઓ!



પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

શ્રી એસ.સી દાણી પ્રાયમરી સ્કૂલ

અભિનય ગીત સ્પર્ધા

બાળકોમાં કળા અને અભિનયનો વિકાસ થાય તે હેતુથી શ્રી એસ.સી દાણી પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-1 અને 2 માં અભિનય ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર હાવ ભાવ સાથે રજૂઆત કરી મંત્રમુગ્ધ કર્યા હતા.





ક્રમ	નંબર	વિજેતા બાળકનું નામ
૧	પ્રથમ	બારોટ કેયા જસવંતભાઈ
૨	દ્વિતિય	ચૌહાણ પ્રાચી ધવલભાઈ
૩	તૃતિય	પટેલ સ્નેહ યોગેશભાઈ / ભોજાણી જીલ કપિલભાઈ

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત પ્રી-પ્રાયમરી વિભાગની પ્રવૃત્તિઓ

નાના ભૂલકાઓનો રમતોત્સવ

બાળકના જીવનમાં ભણવાની સાથે ખેલકુદ પણ એટલું જ જરૂરી છે. બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખતા પ્રિ.પ્રાયમરી વિભાગમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સાદીદોડ, સંગીત ખુરશી, એક મિનિટ, ડોલમાં બોલ નાખવો, ઝિક્ઝેક દોડ સસલાદોડ, રીંગ કા ચક્કર, જમ્પિંગ જીનીયસ, આઇસ્ક્રીમ કોન બોલ, સાદીદોડ, લીંબુ ચમચી, કોથળા દોડ, બોલ ફન રેસ અને ગ્લાસ ગેમ વગેરે જેવી રમતો રમાડવામાં આવી. રમતો દ્વારા બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે તેમજ માનસિક અને શારીરિક વિકાસ પણ થાય છે







પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત પ્રી-પ્રાયમરીવિભાગની પ્રવૃત્તિઓ







અંક ન. ૮૦

વર્ષ ૨૦૨૫-૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

શ્રી જડાવબા શિશુ કેન્દ્ર

પ્રત્યક્ષ શિક્ષણના ભાગરૂપે શિયાળાનું ઋતુદર્શન





શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં શિયાળાનું પ્રત્યક્ષ ઋતુ દર્શનનું આયોજન કરવામાં આવ્યું. ભારત ઋતુઓનો દેશ છે. કારતકથી આસો બાર મહિના વિવિધ ઋતુઓ સાથે માનવ હૈયા પણ મલકાય છે. કુદરતે આપણને ઋતુઓની રમ્ય વિવિધતા બક્ષી છે.જેમાં બાળકોને શિયાળામાં થતા શાકભાજી, ફળો, પહેરવેશ, વસાણું, તહેવાર તેમજ ખોરાક વિશેની પ્રત્યક્ષ સમજ આપવા માટે શિક્ષણના ભાગરૂપે શાળામાં શિયાળાનું ઋતુ દર્શન રાખવામાં આવ્યું હતું.

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

અભિનય ગીત સ્પર્ધા

નાના બાળકોમાં અભિનય તથા ગીતોથી શબ્દ ભંડોળનો વિકાસ થાય છે. ભાષામાં રસરુચિ વધે તથા સ્ટેજ નો ડર દુર કરવાં જડાવબા શિશુ કેન્દ્રમાં અભિનય ગીતસ્પર્ધા રાખવામાં આવી.
અભિનય ગીત સ્પર્ધાના અંતે નિર્ણાયક તરીકે પધારેલ નિશાબેન ગજ્જર, સ્નેહાબેન પંડ્યા અને સિસોદિયા આશાકુમારી બાળકોને પ્રોત્સાહન તથા માર્ગદર્શન પૂરું પાડ્યું.

નંબર	નર્સરી	જુનિયર કે.જી	સિનિયર કે.જી
પ્રથમ	ભાવસાર જીયા - પંચાલ ક્રિષા	જોષી નિવાન	પરમાર સાગરિકા
દ્વિતિય	પરમાર કાનન	કા.પટેલ જલ	વોહરા હાદીયા - પરમાર હિમાક્ષ
તૃતીય	પટેલ પ્રાંશી	ઝાલા દેવ્યાંશી	રંગવાલા અસ્મા - હિંગુ ગ્રીશા
ચતુર્થ		પટેલ શ્લોક - પટેલ અનાયા	વોહરા હયાત





પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

શ્રી એસ.સી દાણી પ્રાયમરી સ્કૂલ

જૂની ટપાલ ટિકિટોનું પ્રદર્શન

અભ્યાસક્રમમાં આવતા સંચાર માધ્યમો અને જાહેરાતે પાઠ અંતર્ગત બાળકોને દેશ-વિદેશની ટપાલ ટીકીટો,જુના પોસ્ટ કાર્ડ, આંતરદેશીયપત્ર અને રેલ્વેની ટીકીટ વગેરે સમજ આપવાની હોય છે, સદનશીબે શાળામાં જ ધોરણ-7 માં ભણતો વિદ્યાર્થી વૈદિક ભાવિક કુમાર પટેલને જૂની ટપાલ ટીકીટનું આલ્બમ રાખવાનો શોખ હોવાથી તેની પાસે આલ્બમ મંગાવી, વિધાર્થીઓને બતાવવામાં આવ્યું હતું. જેમાં બાળકોને 25 થી 30 વર્ષ જૂની ટીકીટો જોવાની કુતુહલતા જોવા મળી હતી.





પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

રમતોત્સવ





'રમત રમીએ પણ રમતમાં રમત ના રમીએ એ જ સાચી રમત છે'

રમત ગમત એ આપણા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે તે આપણા શારીરિક વિકાસનો સ્ત્રોત છે તો બીજી તરફ મગજના વિકાસમાં પણ ફાયદાકારક છે રમતગમતને કસરતનું શ્રેષ્ઠ સ્વરૂપ માનવામાં આવે છે રમત ગમત આપણા શરીરને હૃષ્ટ પૃષ્ઠ, ગતિશીલ અને સહનશક્તિ પ્રદાન કરવામાં મદદરૂપ થાય છે અને તેથી જ બાળકને ખેલકૂદનું મહત્વ સમજાય અને ખેલદિલીની ભાવના વિકસે તેવા ઊંડા હેતુથી શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલમાં તા-6/02/2025 અને તા-7/02/2025 ગુરૂવાર અને શુક્રવાર એમ બે દિવસ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 1 થી 8 ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો પ્રાર્થના સંમેલન પછી અલગ અલગ મેદાનો પર ધોરણ -1 થી 5 માટે 50મી દોડ, ત્રિપગી દોડ, રીલે દોડ, લીંબુ ચમચી જેવી રમતો તેમજ 6 થી 8 માટે 80 મી દોડ, લાંબી કૂદ, માટલા ફોડ, સ્લો સાયક્લિંગ જેવી રમતો રમાડવામાં આવી હતી. જેમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો શાળાના શિક્ષકોએ પણ અલગ અલગ રમતમાં ભાગ લઈ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને એમાં જોવા મળેલા રમુજી દ્રશ્યો જોવાની બાળકો અને શિક્ષકોની ખૂબ જ મજા પડી હતી.

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

બાળ વેશભૂષા સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થિઓ ઝળક્યા

તારીખ- 2/02/2025 રવિવાર ના રોજ કપડવંજ ટાઉનહોલ ખાતે લેવાયેલ ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત પ્રજાસત્તાક બાળ વેશભૂષામાં શ્રી એસ.સી દાણી પ્રાયમરી સ્કૂલના કુલ 25 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિભાગ- અ માં ધોરણ-5 માં ભણતો વિદ્યાર્થી આલોક વિજયભાઈ પટેલનો દ્વિતીય નંબર આવેલ હતો. ભારતના લોખંડી પુરુષ અને દેશી રાજ્યોનું વિલીનીકરણ કરી ભારતને અખંડ બનાવનાર અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલનું પાત્ર ભજવ્યું હતું. વિભાગ-બ માં શાળાની ધોરણ-8- માં ભણતી વિદ્યાર્થિની દેવાંશી વિજયભાઈ પટેલનો પ્રથમ નંબર આવ્યો હતો. દેવાંશી ભારતની પ્રથમ મહિલા રાજ્યપાલ, મહાન સ્વાતંત્ર્ય સેનાની અને જેમને ભારતની કોકિલા કહેવામાં આવે છે એવા સરોજિની નાયડુનું પાત્ર ભજવ્યું હતું. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તેમજ વિજેતા વિદ્યાર્થીઓએ પોતાની વેશભૂષા અને દમદાર અભિનય દ્વારા લોકોને મંત્રમુગ્ધ કરી શાળાનું નામ રોશન કર્યું હતું.





પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ

ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે તેમજ બર્થડે સેલિબ્રેશન



શ્રી એમ.વી.પરીખ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં તારીખ 31/ 1 /25 ને શુક્રવાર ના રોજ ‘ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે’ તેમજ બર્થડે સેલિબ્રેશનનું આયોજન કરવામા આવ્યું. બાળકોના દાદા-દાદી સ્કૂલથી પરિચિત થાય તેમ જ શાળામાં ચાલતી શિક્ષણ કેળવણી, રમતગમત અને સર્વાંગી વિકાસની માહિતી મળી રહે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરાયુ. જેમાં લગભગ 500 જેટલા દાદા-દાદી ઉપસ્થિત રહ્યા. બાળકોએ કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી કરી અને વિવિધ ડાન્સ કરી, દાદા દાદીને રમતો રમાડી તેમના બાળપણના દિવસો તાજાં કરાયા. કાર્યક્રમમાં દાદા દાદી તેમના પૌત્ર – પૌત્રી સાથે એક અમૂલ્ય પળ કેદ કરી શકે તે માટે ગામઠી સ્ટાઇલમાં સેલ્ફી ઝોન તૈયાર કરવામાં આવ્યો. ત્યારબાદ કેક કટ કરી બાળકોનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમના અંતે અલ્પાહારનું પણ આયોજન રાખવામાં આવ્યું.



પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

શ્રી સ્પંદન બાલમંદિર

શ્રી સ્પંદન બાલમંદિરમાં સલાડ સપ્તાહની ઉજવણી

શિક્ષણની સાથે સારું સ્વાસ્થ્ય પણ ખૂબ જ જરૂરી છે તે હેતુથી "સલાડ સપ્તાહ" નું આયોજન કરવામાં આવ્યું, જેમાં કાચા ખવાતા શાકભાજી જેવા કે ગાજર, ટામેટા, બીટ, કોબીજ ને સલાડના સ્વરૂપમાં બાળકોને ખવડાવવામાં આવ્યા.

